# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*********************************************************

1) ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ચૂંટણી પ્રચાર ચરમ સીમાએ

2) મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે પશ્ચિમ બંગાળમાં મુક્ત, ન્યાયી, પારદર્શક અને નિષ્પક્ષ વિધાનસભા ચૂંટણી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો.

3) પશ્ચિમ બંગાળના માલદામાં કાલિયાચોક ઘટનાના મુખ્ય આરોપીને 14 દિવસની પોલીસ કસ્ટડીનો આદેશ કોર્ટે આપ્યો.

4) સરકારે ખાતરી આપી છે કે તે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

5) IPL ક્રિકેટમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે.

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM- KERALA

આસામ, પુંડુંચેરી, કેરલમ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ બન્યો છે. વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરવા માટે પ્રધાનમંત્રી આજે કેરલમ પહોંચશે.

સાંભળીએ અમારા સંવાદદાતા તરફથી એક અહેવાલ..

VC- ARJUN SHRMA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સાંજે પુડુચેરીમાં NDA ઉમેદવારોના સમર્થનમાં રોડ શો યોજ્યો હતો. રોડ શો બાદ, શ્રી મોદી ચેન્નાઈ જવા રવાના થયા.

# ELECTION COMMISSION PAID LEAVE

ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે મતદાનના દિવસે મતદારોને સવેતન રજા આપવાનો નિર્દેશ આપ્યો છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે દૈનિક વેતન અને કેઝ્યુઅલ કામદારો સહિત તમામ લાયક મતદારોને કોઈ વેતન કપાત વિના સવેતન રજા મળવી જોઈએ. આદેશનું ઉલ્લંઘન કરનારા નોકરીદાતાઓને દંડનો સામનો કરવો પડશે. તેણે

તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારોને કડક પાલન માટે સંબંધિત તમામને જરૂરી સૂચનાઓ જારી કરવાનો નિર્દેશ આપ્યો છે.

## THREE-DAY AYODHYA FESTIVAL

ત્રણ દિવસીય અયોધ્યા પર્વ 2026 નવી દિલ્હીમાં ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ (IGNCA) ખાતે ભવ્યતાથી શરૂ થયો. આ કાર્યક્રમમાં રામોત્સવ અને 'બડી હૈ અયોધ્યા' જેવા પ્રદર્શનો, વિદ્વાન પંડિત રામકિંકર ઉપાધ્યાયને સમર્પિત પ્રદર્શન પણ સામેલ છે.

ઉદ્ઘાટન સત્રમાં જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ હાજરી આપી હતી. આ ઉત્સવનું આયોજન અયોધ્યા ન્યાસ દ્વારા IGNCA ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

## WEST BENGAL ELECTIONS

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ પશ્ચિમ બંગાળના ચૂંટણી મુખ્ય કાર્યકારી અધિકારીઓને નિષ્પક્ષ અને હિંસા મુક્ત ચૂંટણી બંગાળમાં યોજાય તે અંગે નિર્દેશો આપ્યા.

મુખ્ય ચૂંટણી કમિશનર કહ્યું કે મતદારોને કોઈ ડર ન હોવો જોઈએ અને ચૂંટણી હિંસા, ધાકધમકી અને પ્રલોભનથી મુક્ત હોવી જોઈએ. ચૂંટણી દરમિયાન કોઈ બૂથ કેપ્ચરિંગ અથવા સોર્સ જામિંગ ન થવું જોઈએ.

# WEST BENGAL COURT

પશ્ચિમ બંગાળના માલદામાં કાલિયાચોક ઘટનાના મુખ્ય આરોપી મોફક્કરુલ ઇસ્લામને 14 દિવસની પોલીસ કસ્ટડી અને અકરમુલ બાગાનીને 6 દિવસની પોલીસ કસ્ટડીનો આદેશ કોર્ટે આપ્યો છે.

બંનેની બી. ડી. ઓ ઓફિસનો ઘેરાવ કરનાર ટોળાને ઉશ્કેરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. પ્રદર્શનકારીઓ મતદાર યાદીમાં નામ સામેલ કરવાની માંગ કરી રહ્યા હતા અને ન્યાયિક અધિકારીઓને નવ કલાકથી વધુ સમય સુધી ખોરાક કે પાણી વિના ઓફિસની અંદર રાખ્યા હતા.

અગાઉ, બુધવારે કાલિયાચોક-2 બીડીઓ ઓફિસમાં સાત ન્યાયિક અધિકારીઓના ઘેરાબંધીની તપાસ કરવા માટે ચાલીસ સભ્યોની એનઆઈએ ટીમ માલદા જિલ્લામાં પહોંચી હતી.

તપાસમાં કેન્દ્રીય દળો જ્યારે અધિકારીઓને બચાવવાની પ્રક્રિયામાં હતા ત્યારે અધિકારીઓ પર થયેલા હુમલાને પણ આવરી લેવામાં આવ્યો છે. NIA ટીમ મોથાબારી પોલીસ સ્ટેશન પહોંચી અને ત્યારબાદ બીડીઓ ઓફિસની મુલાકાત લીધી હતી.

# THE CENTRAL GOVERNMENT

કેન્દ્ર સરકારે ખાતરી આપી છે કે તે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલ. પી. જીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. તેણે

**નાગરિકોને પેટ્રોલ અને ડીઝલની ગભરાટમાં ખરીદી નહિ કરવાની તેમજ LPGનું બિનજરૂરી બુકિંગ ટાળવાની સલાહ આપી છે.**

**સાંભળીએ એક અહેવાલ...**

**VC- VISHAL**

**દરમિયાન, ઇન્ડિયન ઓઇલે એક નિવેદનમાં જણાવ્યું કે, દેશમાં LPG પુરવઠો જાળવી રાખ્યો છે અને હાલમાં દરરોજ લગભગ 28 લાખ LPG સિલિન્ડર પહોંચાડી રહ્યું છે. કંપનીએ ગ્રાહકોને LPG રિફિલ બુક કરવા માટે SMS અને IVRS જેવા ડિજિટલ મોડનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IRANIAN ATTACKS

ઈરાની હુમલામાં કુવૈતના પાવર અને વોટર ડિસેલિનેશન પ્લાન્ટને ગઇકાલે નિશાન બનાવવામાં આવ્યો હતો, જેના પરિણામે પ્લાન્ટના ઘણા ભાગોને નુકસાન થયું હતું.

ઉર્જા મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા, એન્જિનિયર ફાતિમા અબ્બાસ જવાહર હયાતે ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે આએ સ્થિતિમાં તકનીકી અને કટોકટી ટીમોને તાત્કાલિક તૈનાત કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે અસરગ્રસ્ત સ્થળને સુરક્ષિત કરવા માટે સુરક્ષા અને સંબંધિત અધિકારીઓ સાથે સંપૂર્ણ સંકલનમાં પ્રયાસો ચાલી રહ્યા છે.

**VC: AMAN DUBAI**

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ ક્રિકેટમાં, આજે દિલ્હી કેપિટલ્સ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ સામે ટકરાશે. આ મેચ બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે. જ્યારે ગુજરાત ટાઇટન્સ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ સામે આજે ટકરાશે. આ મેચ સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે ચેન્નાઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સને પાંચ વિકેટથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને

209 રન બનાવ્યા. 210 રનના લક્ષ્યનો પીછો કરતા, પંજાબ કિંગ્સે 18.4 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કર્યો.

પંજાબ કિંગ્સ માટે, કેપ્ટન શ્રેયસ ઐયર 50 રન સાથે ટોપ સ્કોરર રહ્યો. પ્રિયાંશ આર્યએ 39 રન બનાવ્યા, તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

ઘરઆંગણે CSKનો આ સતત છઠ્ઠો પરાજય સાથે સીઝનની તેમની પ્રથમ બે મેચ હારી ગયા છે. તેનાથી વિપરીત, પંજાબ કિંગ્સે 2026 સીઝનની શરૂઆત બે જીત સાથે કરી છે.

## AFGHANISTAN EARTHQUAKE

અફઘાનિસ્તાનના હિન્દુ કુશ પર્વતમાળામાં ગઈકાલે રાત્રે 5.8 ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપથી 8 લોકોના મોત નિપજ્યાં છે. અફઘાનિસ્તાન અને ભારત સહિત પડોશી દેશ પાકિસ્તાનના વિવિધ ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓ સાયન્સના જણાવ્યા અનુસાર, ભૂકંપ 181 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. દિલ્હી-એનસીઆર અને ઉત્તર ભારતના ઘણા ભાગોમાં પણ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રાત્રે 9.50 વાગ્યે નોંધાયેલા આ આંચકા નોઈડા, ચંદીગઢ, લુધિયાણા, જમ્મુ અને કાશ્મીરના પૂંછ, શ્રીનગર અને ઉધમપુર, દેહરાદૂન સહિત અનેક શહેરોમાં આંચકા નોંધાયા હતા.

# PAKISTAN BOMB EXPLOSION

પાકિસ્તાનમાં, ગઈકાલે રાત્રે ખૈબર પખ્તુનખ્વાના બન્નુ જિલ્લામાં એક પોલીસ સ્ટેશન પર આત્મઘાતી કાર બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં એક જ પરિવારના ચાર લોકો સહિત પાંચ લોકો માર્યા ગયા હતા અને 13 અન્ય ઘાયલ થયા હતા.

હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલી ગાડી પોલીસ સ્ટેશનના પાછળના ભાગમાં ઘુસાડી દીધી હતી, જેનાથી એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો અને માઈલ દૂર સુધી સંભળાયો હતો. ગોળીબાર શરૂ થયો હતો, જેના કારણે રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. પોલીસે જણાવ્યું હતું કે નજીકના ઘણા ઘરોને નુકસાન થયું છે. તાત્કાલિક કોઈ જૂથે જવાબદારી સ્વીકારી નથી.

# ATTACKS PAKISTANI FORCES

અફઘાનિસ્તાનના કુનાર પ્રાંતમાં ડ્યુરન્ડ લાઇન નજીકના વિસ્તારોમાં પાકિસ્તાની દળો દ્વારા કરવામાં આવેલા રોકેટ હુમલાને કારણે નવ હજારથી વધુ પરિવારોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે.

કુનારના માહિતી અને સંસ્કૃતિ નિયામક મંડળના અધિકારીઓએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારોના સર્વેક્ષણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. સુરક્ષા ચિંતાઓને કારણે અથડામણો ચાલુ છે અને ઘણા પરિવારોને તેમના વિસ્તારો છોડી દેવાની ફરજ પડી છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજના તમામ અખબારોએ વિવિધ સમાચારોની હેડલાઈન બનાવી છે..
- સંદેશ લખે છે પાકિસ્તાનમાં પેટ્રોલ લીટર દિઠ 458 રૂપિયા, ડીઝલ 500 રૂપિયા....
- દિવ્ય ભાસ્કર લખે છે ટ્રમ્પ અકળાયા, યુદ્ધ વચ્ચે આર્મી ચીફને હટાવ્યા, 2 અન્ય જનરલ પણ બરતરફ...
- ઈરાનનો અમેરિકાને તમાચો : વોટર-ગેસ પ્લાન્ટનો કચ્ચરઘાણ આ હેડલાઈન છે ગુજરાત સમાચારની....
- સ્થાનિક સમાચાર પર નજર કરીએ તો સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે ગુજરાતમાં વસ્તી ગણતરી પર બ્રેક...
- રમતગમતના પાના પર આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમા ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાનારી મેચના સમાચાર છાપ્યા છે